**આદર્શ નિવાસી શાળા (કન્યા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વધારો શરૂ કરવા અંગેની વર્ષ:૨૦૨૧-૨૨ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

ઠરાવ ક્રમાંક:અનશ/૨૦૨૦૨૧/ન.બા-૯/ગ

સચિવાલય, ગાંધીનગર

**તા.૧૩/૦૯/૨૦૨૧**

**વંચાણે લીધા:**

(૧) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૦૨/૦૧/૨૦૨૦નો પત્ર નં.આવિ/અનશ/ન.બા /ફા.નં.૧૫૦૫/૨૦૨૦/૦૧ થી ૦૨

(૨) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૧૭/૦૮/૨૦૨૧ નો પત્ર નં.આવિ/અનશ/ન.બા /ફા.નં.૧૫૦૫/૨૦૨૦/૪૯૧

**ઠરાવ:**

ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમાંક (૧) ઉપરના સંયુક્ત કમિશનરશ્રી, કમિશનર આ.વિ.ની કચેરી, ગાંધીનગરના પત્રથી, આદર્શ નિવાસી શાળા (કન્યા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વધારો શરૂ કરવા અંગેની રૂ.૧૮.૭૪ લાખની વર્ષ ૨૦૨૧-૨૨ માટે નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કન્યા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વધારો કરવા બાબતે મદદનિશ શિક્ષક (મા.વિ), વર્ગ-૩ (પ.ધો.-ROP-2006-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ.૪૨૦૦/-, પ.ધો-ROP-2016-રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦, પે-મેટ્રીક્સ લેવલ-૬, ના.વિ ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિક્સ પગાર રૂ.૩૧, ૩૪૦/-) ની ૦૧ (એક) નવી જગ્યા ઉભી કરવાની તથા તેમના મહેકમ ખર્ચ અને અન્ય નિભાવ ખર્ચ પેટે કુલ રૂ.૧૮.૭૪/-લાખની વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણ પ્રવર્તમાન આર.ઓ.પી પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનુ રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતીને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના અએક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૭) આઇ.ટી. સંબંધિત કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહિવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૯) સરકારશ્રીના ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧,તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮) ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્ર.૯૩-આયોજન, મુખ્ય સદર:૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭-શિક્ષણ, પેટા સદર:૧૭-વીકેવાય-૧૪: આદર્શ નિવાસી શાળા હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૩/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે.આર.ડોડિયા)**
**સરકારના સંયુકત સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

પ્રતિ,

કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ), (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ),સચિવાલય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.